उपालम्भ.

(ખંડ કાવ્ય.)

(અનુકરણ કૃતિ,)

ભટ્ટ.

रम्याणि वीक्ष्य मधुरांश्च निशम्य शब्दान्
पर्युत्सुकी भवति यत्सुखितोपि जन्तुः ।
तच्चेतसा स्मरति नूनमबोधपूर्वम्
भावस्थिराणि जननान्तर सौहृदानि ॥

शाकुन्तले कालिदासः

Love first leaves the well-built nest;
The weak one is singled
To endure what it once possest.

P. B. Shelly.

Love he Comes, and love he tarries,
* * * * * * * * * *
Longest stays, when sorest chidden,
Laughs and flies, when pressed and bidden

T. Campbell.

व्यतिषजति पदार्थानान्तरः कोपि हेतुः ।
—न खलु बहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते ॥

उत्तर रामचरिते भवभूतिः

અમદાવાદ—" श्री मुद्रणकलामंदिर " લિ.
સંવત ૧૯૫૬ શ્રાવણ. સને ૧૯૦૦ ઑગસ્ટ.

મૂલ્ય ૦—૬—૦.

૫૪૯૩

उपलम्भ.

(ખંડ કાવ્ય.)

(અનુકરણ કર્તા,)

ભટ્ટ.

रम्याणि वीक्ष्य मधुरांश्च निशम्य शब्दान्
पर्युत्सुकी भवति यत्सुखितोपि जन्तुः ।
तच्चेतसा स्मरति नूनमबोधपूर्वम्
भावस्थिराणि जननान्तर सौहृदानि ॥

शाकुन्तले कालिदासः

Love first leaves the well-built most;
The weak one is singled
To endure what it once possest.

P. B. Shelly.

Love he Comes, and love he tarries,
* * * * * * * * *
Longest stays, when sorest chidden,
Laughs and flies, when pressed and bidden.

T. Camplell.

व्यतिषजति पदार्थानान्तरः कोपिहेतुः ।
नखलु बहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते ॥

उत्तर रामचरिते भवभूतिः

અમદાવાદ—" श्री मुद्रणकलामंदिर " लि.
સંવત ૧૯૫૬ શ્રાવણ. સને ૧૯૦૦ ઑગસ્ટ.

મૂલ્ય ૦—૬—૦.

१५८३

अद्वैतं सुखदुःखयोरनुगुणं सर्वास्ववस्थासुय-
द्विश्रामो हृदयस्ययत्र जरसा यस्मिन्नहार्योरसः ।
कालेनावरणात्ययात् परिणयेयत्स्नेहसारास्थितं
भद्रं प्रेम सुमानुषस्यकथमप्येकंहितत्प्राप्यते ॥

१ ॥ ३९ ॥

वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसिकोनुविज्ञातुमर्हति ॥

२ ॥ ७ ॥

उत्तर रामचरिते भवभूतिः

પ્રસ્તાવના.

'કવિતા' કરવી-લખવી, એ કાંઇ સર્વદા 'કવિ' થવાનાઅથવા કહેવરાવવાના હેતુથીજ હોતું નથી, અને હોવું પણ ન જોઇએ. જે વિશ્વવ્યાપી રસનિર્ઝરનું સુધાપાન પ્રાસાદિત કવિઓ જગતને કરાવે છે, ત્હેના મ્હોટામાં મ્હોટા લાભની પ્રાપ્તિ હમ્મેશાં 'સહૃદયતા' શિવાય કઠિનજ હોય છે, એ સર્વ માન્ય છે; તોપછી, ત્હેવા દિવ્ય પ્રદેશમાં વિહરવાને-ત્હેવા 'અમૃત' સ્રોતમાં વિલસવાને વિલપતું, કોઇપણ સહૃદય માનવજીવન, વિચારવિશ્વમાં પ્રકાશતા કોઇ કવિસૂર્યનાં કિરણોમાંથી એકાદ અલ્પતમને પણ પોતાના હૃદયમાં સ્થાન આપી, ત્હેનેજ અનુસરવા પ્રયત્ન કરવામાંજ આનન્દ માને, તો તે શું સદોષ ગણાશે?

ગુર્જર કવીશ્વરોના વૃંદમાં કવિ બાલ એક અનુપમ મૂર્તિ હતો, અને ગુર્જર સાહિત્યમાં ત્હેની કવિતા કાંઇક અલૌકિક, સરલ રસિકતાજ ઉમેરે છે; ત્હેના કાવ્ય વિલાસની લલિત લહરિઓની માલા, જે ત્હેના અકાલ પરલોકનિવાસને લીધે, અપૂર્ણાવસ્થામાંજ ત્રુટી ગઇ છે તે, સાંપ્રત ગુજરાતીમાં હવે કેટલોક સમય વ્યતીત થતાં સુધી તો ભાગ્યેજ સંધાશે! આ રસમૂર્તિના પ્રેમ તરંગોનો, (આ પદ્ય નિબન્ધનનો) લેખક બાલ્યાવસ્થામાંથીજ દૃઢ ભક્ત-ઉપાસક હતો; તેથી ત્હેનાં બે ઉચ્ચતમ કાવ્યો હરિપ્રેમપંચદશી તથા ક્લાન્ત કવિનું આ લેખમાં સ્વાભાવિક પ્રતિબિમ્બ હોય એમાં કાંઇ આશ્ચર્ય જેવું છેજ નહિં.

ઉપાલમ્ભ, ઉપર સૂચવેલા કોઇ અનન્ય એવા હૃદય-આનન્દનુંજ ફલ છે; અને, તે કંઇક વિરામોના પરિણામે, અન્તે સંવત્ ૧૯૫૨ના માર્ગશીર્ષની પૂર્ણિમાને દિને સંપૂર્ણ થવા પામ્યું હતું. ત્હેના વાચન-મનન નિદિધ્યાસનમાં લેખકને જે આનન્દઘટિકાઓ ત્હેણે આપી છે ત્હેવું ફલ સામાન્ય વાચકને ઘણુંકરીને ન થાય, એ સ્વાભાવિક છે; તેમ ત્હેનો પ્રકાશ પણ તેટલા માટે તો છેજ નહિં, એમ કહેવું પણ ખોટું નથી. કેટલાંક પ્રેમી હૃદયોના ઉત્સાહનુંજ આ પ્રસિદ્ધિ એક સ્વરૂપ માત્ર છે, અને "વાર્તાવારિધિ અને સરસ્વતી" (માસિક)માં વિસ્મૃત કવિરૂપે સ્હેજ વિભાગ

શરૂ થતાંજ, ઇષ્ટેચ્છાથી, અનુકૂલતાના યોગે તે સ્વતંત્ર લેખના રૂપમાં મુદ્રાંકિત થઇ, વાચક બન્ધુઓના ગુણ ગ્રાહી કરકમલમાં મૂકાય છે. ત્હેને માટે લેખક ત્હેમનોજ આભારી છે.

જે રસિક વિદ્વાનોએ અને સાહિત્ય સેવામાં ઉદ્યુક્ત સુજ્ઞ મિત્ર, અને બંધુમંડળે આ લેખની પ્રસિદ્ધિમાં તનુ, મન, અને ધનથી સહાય્ય કરી છે, તેમની ઉપકૃતિ અને અનુગ્રહ લેખક અત્ર પ્રસિદ્ધ કરવા આજ્ઞા લે છે.

અમદાવાદ.
વિક્રમાર્ક સંવત ૧૯૫૬
શ્રાવણી પૂર્ણિમા.

ભટ્ટ.

સમર્પણ.

મનેપ્સિત !

ત્હારી અવકૃપા પામેલો દીન પુરૂષ ક્ષણપ્રતિક્ષણ ત્હારેજ અર્થે ઉત્સુક થઈને દિન પ્રતદિન ત્હનેજ ખોળ્યા કરે છે, અને સર્વથા ત્હારાજ મિલનાર્થે યત્ન કરે છે. મહાન્ પ્રેમીજનોના સમૂહમાં પણ તું સુલભ હોઇશ એમ જાણી, ત્હેમાં પણ ત્હનેજ આતુર દૃષ્ટિએ જુવે છે: તથાપિ ત્હેને ત્હારૂ મિલન પ્રાપ્ત થતું નથી, તેથી તે સ્વમુખે કથે છે કે—

" મ્હારૂં પ્રેમી આ હૃદય અતિશે આતુર થઇ, "
" ઉડી ઉડી દોડે સતત મળવાને તુજ પ્રતિ; "
" દીધું અર્પી જેણે પ્રિતિ ધરીંજ સર્વસ્વ તુજને, "
" રહ્યોછું તે અત્રે, રૂદન કરતો નીજ મનડે. "

અને વળી ત્હેને તું અન્તર્ગત છે છતાં વિણ કારણે મિથ્યોપહાસ કરવા વિરહ તપ્ત કરે છે—દુ:ખીત કરે છે—મૃત્યુને હસ્તગત કરે છે; પણ તે ત્હેનાથી લેશ પણ ભીતી ન રાખતાં મુખથી કહે છે કે:—

" તહારે વિયોગે અતિ દુ:ખી થવું તેથિ મુજને, "
" ગમે મૃત્યુ નિશ્ચે અતિશય થઇ છે હદ હવે; "
" ચહે મૃત્યુ સર્વે મહત જન તે કષ્ટ સહીને, "
" તદા શાને યાચું મરણ નવ હું દુ:ખિ અતિશે ?! "

તે અંતે છેક્જ કલાન્ત થઇને ત્હારે માટે ક્ષણ પ્રતિક્ષણ ખોળ કરતાં ત્હેની અંતરોર્મી પ્રદર્શિત જે ઉભરા ઉઠી રહ્યા, ત્હેની એક આવલી ગ્રથિત કરીને ત્હનેજ અર્પણ કરે છે; તે અંતરગત પ્રેમાર્પણ ત્હારા વિરહ-વિહ્વળ, રસિક, વિલાસી પ્રિતમનું સ્વીકાર.

आंतरोद्गार.

ઘણા દિનથી દર્શન નથી, તો તે દેવા કૃપા કરીશ. ક્વચિદ્ દીન જન અનવકાશાનુકૂલતાને પ્રધાન ગણતાં દર્શનનો લાભ સંપૂર્ણ લેવાને અશક્ત થયો હશે; પરંતુ ત્હારા મહાન્ ઔદાર્યને મંદત્વ પ્રાપ્ત થતું જાય એ તો અતિશય શોચનીય છે. દીન *** ઉપર તો સદા—સર્વદા, સર્વથા, સંપૂર્ણ કૃપારૂપી સુધાધારાની વૃષ્ટિ હોવીજ જોઇએ; તથાપી સ્નેહવારિ અપૂર્ણ હોય તો કૃપાવૃષ્ટિ પણ અપૂર્ણ હોય ખરી ! ! તે પ્રમાણે શું અલ્પ સમયમાંજ થવા પામ્યું ? ! આ આર્તસ્નેહઆદર્શ પાસે તો સ્નેહ વારિના સંપૂર્ણ સમુદ્રો ભર્યા છે; અને તેમાંથી દિન—પ્રતિદિન દર્શનૌત્સુક્ય—રૂપી મેઘબંધારણ વિરહસૂર્યના તાપથી થાય છે, તદપિ તે શુષ્ક તો થતાજ નથી; પરંતુ, ત્હારી પાસે તો મહાન્—મ્હોટા સાગરોપસાગરો ભર્યા છે; ત્હેમાંથી કૃપાવૃષ્ટિ અલ્પ સમય થઇને પશ્ચાત્ મંદ છે; વળી દર્શનેચ્છા સંપૂર્ણ કરવાની પૂર્ણ પ્રસાદિરૂપી શોષણ તો થતુંજ નથી, તોપણ વારિનિધિ છેક શુષ્ક થયા ત્હેનું કારણ ક્વચિદ્ ગૂઢ હશે ખરૂં ! ? !

શું સ્નેહવારિનિધિનું ત્હારી અવકૃપારૂપી અગસ્ત્યરૂષિ પાન કરી ગયા ? ! વા શું ત્હેને ધારણ કરી રાખનાર પાત્ર જ તેનું શોષણ કરી ગયું ? ! દીર્ઘદૃષ્ટિથી જોતાં, ત્હારૂં અગસ્ત્યોદર એ અનિર્વચનીય, અદ્વિતીય, અવ-ર્ણનીય, અને અનુપમ મહાન્ વારિનિધિને પાન કરી પરિપૂર્ણ પાચન કરવા શક્તિવન્ત તો નથીજ, પરંતુ વિરહાન્તર્ગતાભ્યાસથી તે પ્રમાણે થવા પામ્યું હોય તો ત્હારી લીલા અગમ્ય છે. પરંતુ હવે ગતસમયની સર્વ બાળચેષ્ટાઓનું વિસ્મરણ કરીને, પૂર્ણ ગ્રીષ્મતમ સિકતાસ્થાનમાં—જ્યાં મેઘવૃષ્ટિની સંપૂર્ણ ખોટ છે ત્યાં, આ દીન ચાતક હઠીલું થઇને મેઘને માટે બહુધા, સ—આશ વિલપન કરે છે, અને ત્હેને વિચારશક્તિ શાન્ત્વન દેવા જાય છે પણ તે મહાન્ પ્રયત્નોથી પણ માનતું નથી, ત્હેની ઉત્કંઠાને તથા મહાનદર્શનાપેક્ષારૂપી કંઠની શુષ્કતાને દર્શન દેઇને એકવાર પુનઃ પૂર્ણ કરીશ ! અને એકવાર પુનઃ શાન્ત્વન દેઇને અવશ્ય આભારી કરીશ—આ ત્હારા દર્શનોત્સુક ગૌતમી દીન ને—

ઉપાલમ્ભ.

શિખરિણિ વૃત્તમ્.

૧

નથી લેતી શાને ખબર મુજની તું પ્રિયતમે !
લગારે છે ચિંતા મુજ સ્થિતિ તણી શું તવ મને ?
ફરયો ત્હારે પ્રેમે તદપિ મન ઇપ્સીત ન રહ્યો !
પુરેપૂરો હું છું અવ તવ અભાવે દુઃખિ થયો.

૨

થઇ શાને આ'વી નિરદય પ્રિયે ! તું મુજપ્રતી ?
કરી ઝાંખી જોને પ્રણુયભરિ આંખે પ્રણુયિની !
સુતી સેજે તું તો દુખિ દુખિ તહારો પ્રિય ખરે !
તજી દીધો શું હું રસિક જનને પ્રૌઢ સમયે ? !

૩

તજી દીધા, શાને પ્રણુયિ જન શું ખેલ કરવા,
ત્રુટયા ત્યારે સંગે પ્રણુયિ જનના મેળ મનના ?
સલૂણી ! કહે શાને તવ મુખતણું દર્શન ન દે,
ખરે ચિત્તે મ્હારે લગિર પણુ શાન્તી નવ મળે!!

૪

કરે હાંસી મ્હારી હસિ હસિ પ્રિયે ! તું અવ ભલે,
પરંતૂ ના મ્હારી પ્રિતિ ઉર વિશે કાંઇજ સ્મરે;
મને ધાર્યુંતું મ્હેં તવ પ્રિતિ નહિં કોદિ ત્રુટશે,
વળી ત્હારી સંગે મમ દિન સહુ કાળ વહશે.

૫

મુકયું છે મ્હેં લાવી તવ પ્રણુયનું રત્ન હૃદયે,
કરી દીધું પાછું સમરપણુ મ્હારૂં સહુ તહને;
તથાપી ત્હેં ત્યાગી પ્રણુય મુજને ત્યકત કરિયો,
ભલે ! છું તું તોપિ વસિ રહિ સદા મુજ ઉરમાં.

૬

લગારે ઊરે તું સ્મરણ કર પ્રીતી રસ ભરી,
બળી જાયે છે જો ! હૃદય મુજનું વીરહ થકી;
વહે છે અશ્રૂ જો તુજ વિણ સદા મૂજ નયને,
વળી જ્વાળા અગ્નીતણિ સતત ધીકે જ હૃદયે.

૭

બળા જવાળે પ્રેમી મુખ "પ્રિયતમા" એમજ ભણું,
સ્મરીને !વિલાસો—તવ મુખથકી ગર્જન કરું;
મુકી દે માનીની ! પ્રણય સઘળો પ્રેમિ અરથે,
વળી આવી ભેટી પ્રણયિ–ઉરમાં શાન્તિ ક્ષણ દે.

૮

પડી ત્હારે પાયે વિનવું તુજને હું લળિલળી,
ત્યજી હોષો સર્વે નજર કર મ્હારાપ્રતિ જરી;
ભુમીપ્રત્યે દૃષ્ટિ કર કર ન કિન્તુ રસિકની—
પ્રતિ દૃષ્ટિ દે, શું ઉરમહિં ધરે છે ભિતિ કશી ? !!

૯

ભલે વિંધે હૈયું મુજ રસિકનું દૃષ્ટિ તુજની,
ન રાખું હું ત્હેની ફિકર ઉરમાં કિંચિત કદી;
કટાક્ષે એ પ્રેમી હૃદકમળને ખીલવિ અને,
ઉરે શાન્તી દે—દે નિશ દિન સદા પ્રેમ ધરિને.

૧૦

પિડા પ્રેમીકેરી નવ અવર કોઇ કળી શકે,
પરંતુ વિરહાગ્નિ હૃદયમહિં નિત્યે ધિકિરહે;
નથી થાતી શાન્તિ ક્વચિદપિ તહારાવિણ સખે!
ત્યજી દીધી સર્વે ધિરજ નથિ રહેતી થિર હવે.

૧૧

વિચારી જોઊરે રસિક પિડ પામું તુજ વિના,
સદા થાયે ન્હેહે ઝુરિ ઝુરિ અને દુઃખિત દશા;
પરંતુ શું મ્હારી ઉપર નવ થાશે તવ કૃપા?
મને કાન્તે ! ત્હારા ઘર, ઘર, મહારી કશિ દયા.

૧૨

વસ્ગો છે આવીને તવ નયનમાં મોહ જબરો,
વસ્યો છે આવીને તવ વદનમાં સ્નેહ સઘળો;
મહા જાદૂ દીસે તવ વદન—પદ્મે પ્રિયસખે!
સદા તેથી મ્હારૂં મન જઇ જઇ એ પ્રતિ ભમે.

૧૩

શશી જેવા રૂડા રમણિય મુખે મંદ હસવે,
સદા ધીમે ધીમે મધુર મધુરૂં પીયુષ ઝરે;
ચકોરીરૂપી મે નયનદ્વય તે હર્ષ ધરિને,
પુરા પ્રેમે વ્હાલી! સમિપ રહિ નીરંતર પિયે.

૧૪

પરંતુ હાવે તો નયન રડિને શુષ્ક અતિશે,
થયા છે જોનેતું; ઉર નહિં કશુંએ કયમ ધરે?
શશી રૂપી ત્હારા દરશન વિના તે ગત થશે,
ધરી ચિત્તે ત્યારે સુવિનતિ કૃપા તું કર હવે.

૧૫

ઘટે છે શું પ્રેમી-જનૂ શું ગણવો અંતર ક્ષણે?
તથાપી શાને હું રસિક જનને નીશદિ દમે?
ધરે શાને લજ્જા અધર પિઉં ત્હેમાં છકિ મદે,
અરે જાજા કાન્તે! ગૃહવિ વ્રિડ લેશે નવ ઘટે.

૧૬

પુરો વાધ્યો જ્યારે મુજ—રસિક—ને પ્રેમ તુજશું,
તદા શાને ચિત્તે તુજ સહ કશો અંતર ધરૂં;
થઇ સ્વેચ્છાચારી કયમ નહિં પિઉં હર્ષ ધરીને,
ધરાઉં ત્યાં સુધી મદ રસ તહારો હું અતિશે.

૧૭

કપોલે ત્હારા બે મદરસ નિશા દીન ઝળકે,
ગુલાબી રંગે તે સ્થિર થઇ રહ્યા છે પ્રિય સખે!
સદા ઇચ્છું ત્હેનું અતિ પ્રિતિ ધરી પાન કરવા,
ઉરે રાખું આશા મહત વળિ તે નિત્ય વળવા.

૧૮

ત્યજ્યુ છું હું પ્રેમા, વિરહ દુખ પામીજ અધુના,
પિડા પામી ઝાઝી, ઉરમહિં વિલાસો સ્મરિ બધા-
મહા ગોંધ્યો પ્રાણુ પ્રતિક્ષણુ તહારી સ્તુતિ કરી,
તથાપિ તું ધારે શ્રવણુ નવ મ્હારી સ્તુતિ જરી.

૧૯

સ્તવી થાકી બેઠો કુમળ મન નીરાશ થઇને,
પુરો પસ્તાઇને તુજસહ અતિ પ્રેમ કરિને;
તથાપિ ના ત્હેની અસર થઇ કાંઇ તવ હ્રદે,
અરે જાજા જુંડી! નિરદય થવું આમ શું ઘટે!?!

૨૦

વિચાર્યું ત્હેં શું મ્હેં તવ વચનને ત્યકત કરિયું?
અરે! ના ત્હેને મ્હેં મમ હ્રદયમાં સુદ્દઢ કર્યું;
દિધેલાં પ્રિતીથી વચન સઘળાં વિસ્મૃત કર્યા?
અરે જાજા જુંડી નથિ નથિ ત્હને તો ઘટિત આ.

૨૧

ઘણી પ્રેમી નારી અતિશય દિસે જે પ્રિયકરા,
રમ્યો ત્હેની સંગે અતિ પ્રિતિ સહે હું દિન ઘણા;
પરંતું ના મ્હારૂં મન તુજવિના કોરથળ ઠર્યું,
કરી પ્રીતી તેથી તુંજસહ, બધું અર્પણુ કર્યું.

૨૨

તથાપી ત્હેં મ્હારી પ્રિતિ ત્યજી દઇ ત્યકત કરિયો,
નથા મ્હેં તો ત્હારો કવચિદપિ કશો દોષ કરિયો;
વિચાર્યું મ્હેં ચિત્તે નથિ અધિક ત્હારા વિણુ કશું,
પરંતુ ત્હેં અંતે અધિક પ્રિતિનું આ ફળ દીધું.

૨૩

હવે મ્હેં જાણ્યું કે નવ અતિપ્રિતિ કોશું કરવી,
કૃતઘ્નીની સંગે કદિ ન કરવી પ્રીતિ ગરવી;
પહેલાં તો પ્રીતી અતિશ મહિં મ્હોટું ફલ દિસે,
પરંતુ અંતે તો દુખઃ મહત દીસે પ્રિતિવિષે.

૨૪

માની હું પ્રેમીમાં—મહત જન તે ના પરખિયો,
વિચાર્યું મ્હેં હાવે નથિ નથિ ત્હને તોલજ કશો:
ખરા પ્રેમી કેરો કપટિ જનનો તો અત્ર કહું,
ખરે તું છું ભૂંડી અવર નથિ ત્હારા વિણુ ભુંડું !!

૨૫

તહારી પ્રીતી તો ખચિત મૃગતૃષ્ણાવત થઇ,
ત્હને વીચારીને જલ, મૃગસમો હું ખુશી થઇ,
ધસી આવ્યો ત્હારીપ્રતિ પ્રિતિતણું સોખ્ય મળવા,
પરંતુ ત્હેં અંતે ત્યજી દઇજ દીધું દુઃખ મહા.

૨૬

તું વારી વીના આ મનમૃગ મહારૂં અતિશયે,
વિચારી જો થાયે દુખી દુખી હવે તો પ્રિય સખે !
પરંતુ ત્હારી તો હજુ સુધિ થઇ ના કશી કૃપા,
થશે શું હાવે તે ! ઉર ધર મહારી સ્તુતિ જરા.

૨૭

"કટાક્ષે ત્હારા આ મમ મન અતી ઘાયલ થયે,"
"વહે છે ધારા તે થકિ રૂધિરની જો પ્રિય સખે !"
કહે તો હું એવું અહર નિશ ત્યારે હસિ હસી,
સમીપે આવી તું નવિન નિત્ય વિલાસ કરતી.

૨૮

અરે શું તે સર્વે રસિલિ ! તુંજને વિસ્મૃત થયું?
હવે મ્હારૂં હૈયે સ્મરણુ તુજને શું નથી થતું ?
હવે કાન્તે ! સર્વે સુખદ સુવિલાસો ગત થયા?
અરે મ્હારા પ્રત્યે સુખદ તવ દૃષ્ટી કર જરા.

૨૯

મહારૂં પ્રેમી આ હૃદય અતિશે આતુર થઇ,
ઉડી ઊડી દોડે સતત મળવાને તુંજપ્રતિ;
દીધું અર્પી જેણે પ્રીતિ ધરિજ સર્વસ્વ તુજને,
રહ્યોછું તે પ્રેમી રૂદન કરતો નીજ મનડે.

૩૦

રૂડા આવે કાળે અવર પ્રણયીઓ ખુશિ થઇ,
કરે ક્રીડા સર્વે નિજ પ્રિયતમાસાથ હરખી;
સુગીતો ગાયે છે, મૃદુ સ્વરથકી હર્ષ ધરિને,
વગાડે વાદીત્રો મૃદુ રવ થકી સૂર પુરિને,

૩૧

પુરા વ્રેહેપીડયા દુઃખિત મુજ ચિત્તે ઉછળતા,
પુરાશોકેગૃસ્ત, પ્રતિક્ષણ સદા નૂતન થતા;
કરૂણાવાળા લે ગૃહિ સત્વર આ સર્વ ઉભરા,
મનસ્વી થાવું તે ઘટિત તુજને છે નવ જરા.

૩૨

નથી ત્હારા જેવી પ્રણયિ મળવાનીજ મુજને,
નથી મ્હારા જેવો રસિક મળવાનોય તુજને;
વિચારીને એવું ગૃહણ કરિને વીનતિ જરા,
ત્યજી સર્વે દોષો મુજ–રસિક–પ્રત્યે કર ક્રૃપા.

૩૩

ભલે ના ધારે તું તવ ઉર જરા મ્હારિ વિનતી,
હું તો ધારૂં છું કે તુજવિણ, મહારે કશુ નથી;
તહારા વીના આ સકળ જગ, તે શૂન્યજ દિસે,
તહારા વીના છે, નવ કશુંય મ્હારે સુખ હવે.

૩૪

અરે જ્યારે ત્હારે ત્યજવિ હતિ પ્રીતી મુજતણી,
તહારે માનીની! મુજ સહ પ્રીતી ત્હેં કયમ કરી?!
કરી જ્યારે પ્રીતી તવ ગૃહિ રહે અંત સુધિ તે,
રસજ્ઞે! પ્રેમીને અધપથ ત્યજી દુઃખ શિદ દે?

૩૫

સલૂણી! શાને ત્હેં મમ મન હર્યું ગાન કરિને,
સમીપે બોલાવી શિદ પ્રિતિ પ્રદર્શીત કરિ ત્હેં?
હવે આવ્યો અંત પ્રિતિતવ તણો શું પ્રિયતમા?
ચખાડયું શું મૂને તવ પ્રિતિતણું શુભ ફળ આ?

૩૬

હવે કાન્તે ! નિશ્ચે વિપરિત થયું દૈવ મુજનું,
ખરે! ત્હેને યોગે નવ મળ્યું કશું સુખ તુજનું;
ગુણાળી! જા, જા, જા, કવચિદપિ નહી એમ કરિએ,
અતિ પ્રીતી દાખી પ્રિયતમસહે નિત્ય રમિયે !!

૩૭

તહારે સંગે મ્હેં ધિરજ ધરિતી મ્હા મમ મને,
વળી વીચાર્યું તું તુજસહ સહૂ કાળ વહશે;
દગો દેઇને ત્હેં મુજસહ અતી પ્રેમ કરિને,
લુંટી લીધું સર્વે મહત ભ્રમણામાં ભુલવિને.

૩૮

હરી શુદ્ધિ મ્હારી સરવ, કરિયો ત્હેં શબસમો,
ભુલાવીને ભ્રાન્તી તુજસહ અતિ મોહિત કર્યો;
પછી ત્યાગી દેઇ, હસિ હસિ અને મસ્કરિ કરે,
પરીક્ષા પ્રેમીની નથિ નથિ કશી નિશ્ચય ત્હને !

૩૯

કટાક્ષોમાં ત્હારાં અતિશય સુધા શુદ્ધ ભરિયું,
દિધું તે મારીને મુજ– પ્રિતમ–ને ત્હેં સુખ ભણું;
રમ્યો ત્હારી સંગે જવ પ્રિતિ ધરી શુદ્ધ હ્રદયે,
તદા ત્હેં માર્યું તું મુજપ્રતિ, હરી નિર્જન સ્થળે.

૪૦

પરંતુ તે કાળે નવ તવ રિતી જાણિ કશિ મ્હેં,
રમ્યો ત્હારી સાથે નિરજન સ્થળે હર્ષ ધરિને;
ઝિલ્યાં ત્હારાં સર્વે નયનશર મ્હારા સુહૃદયે,
વળી કીધી મસ્તી સુરત સમગે મ્હેં તુજ સહે.

૪૧

તહારી સુ વાણી અતિ મધુર મ્હારા શ્રવણમાં,
ધિરે ધીરે આવી મન કરતી હર્ષિત સુખદા;
ભમાવીને મ્હારૂં મગજ અતિશે મસ્ત કરતી,
તદા હું મસ્તીમાં કથન કરતો કાવ્ય સુ અતી.

૪૨

વિણા હસ્તે ધારી મધુર કવનો સૂર પુરિને,
હું ગાતોતો કાન્તે ! સરસ નવલાં નિત્ય કરીને;
હવે વીણા મ્હારી તવ વિરહથી તૂટી ગઇ છે,
વળી મસ્તી સર્વે તવ વિરહથી ત્યક્ત કરિ છે.

૪૩

રિસાવું હમ્મેશાં નથિ નથિ રિતી એ સુજનની,
ત્યજીદે એ ચેષ્ટા રસિલિ ! સરવે બાળ વયની;
પુસ પ્રેમી સંગે કરવિ પ્રિતિ કાચી પ્રિયતમા !
ફૂજેતી થાયે છે ખચિત જનની તેથી જગમાં.

૪૪

કદા ત્હારા શીળા સુખદ તનનો સ્પર્શ મળશે,
કદા ત્હારે સંગે મુજ ત્રિવિધ દુઃખો શમિ જશે;
થઇ હું મસ્તાનો તવ પ્રિતિ ફરી મુજ શું થવે,
વગાડું સૂ વીણા અરપણ કરૂં પ્રાણ તુજને ! !

૪૫

તહારા વીના કહે કવણ મુજ વ્યાધી સમજશે,
તહારા વીના કહે કવણ મુજ દુઃખો શમવશે;
છતાં સ્નેહી મ્હારે સુમન તુજ જેવી મુજતણા—
જશે દીનો સર્વે પ્રિયતમ સખે ! શું કકળતાં ?

૪૬

છતી કાન્તાએ શું મુજ હ્રદયમાં વિર્હ ખિલશે ?
છતી કાન્તાએ શું મમ દુઃખ બધાં નૂતન થશે ?
ખરે લે માનીની પ્રવૃત્તિ ! મુજની માન ત્યજીને,
અરે ! કાન્તે ! હાવે હદ થઇ દિયે દુઃખ શિદને.

૪૭

લલાટે લે ત્હારે કર મુકું શિળા કર્પુરસમા,
તહારે અર્થે હું કવન કરૂં લે ! નૂતન સદા;
મઝા મસ્તીમાંહે અતિશ નથિ કાંઇ સમજ રે,
ત્યજી બાળા ચાળા મુજ–રસિક–સંગે રમ્ય હવે !

૪૮

મ્હાગૌરગ્રીવાપર અલક કાળા ધરિ છુટ્ટા,
ધરી ધોળાં વસ્ત્રો કટિપર દઇ હસ્ત કુમળા;
રહે મ્હારાસામી ઉભિ મધુર મૂખે હસિ જરા,
વિલોકું હું ત્હારૂં મુખ મુદ ધરિને પ્રિયકરા !

૪૯

જરા પ્રેમીકેરૂં અકથ દુઃખ મ્હોટું સુણ્ય પ્રિયા,
રહેવું ના યોગ્ય પ્રણયિજનશું રોષિત કદા,
સુધાધારા શાન્તા ! મુખથિ વરસાવી મિતમને,
પ્રસાદી દે, પાછો પ્રિતમ મુદ પામે નિજ મને.

૫૦

મ્હને થાયે ચિત્તે સ્મરણ, મૃદુ ત્હારા અલકનું,
વહેતી જેમાંથી મનહર સુગંધી વરતનુ !
સદા થાએ વ્હાલી ! તવજ ભણકારા સ્વપ્નમાં,
લહેકે છે ત્હારા અલક કુમળા આ હૃદયમાં.

૫૧

સદા સ્યાણી ! ત્હારા મૃદુ મુખનિ શોભા હૃદયમાં,
વસી નિશ્ચે મ્હારા સ્મરણ પણ થાયે તવ સદા;
નવા રંગો નિત્યે મમ હૃદયને રંગિત કરે,
વિતર્કોએ ઝાઝા અહરનિશ તું—કાળજ ઉઠે.

૫૨

વળી થાએ ભ્રાન્તી તવ પ્રિતિ મહારી સહ થશે,
વળી ઉરે મ્હારા પરિમળ તહારી ઉડિ રહે;
મદીરા હું ત્હારા પ્રણય તણિ સ્વપ્નામહિં પિઉં,
મતી મ્હારી નિશ્ચે ! મનનિ તુંજ કાજે ભુલિ જઉં;

૫૩

કહીને આ મ્હારી અકથ મનપીડા સહુ ત્હને
ધરૂં આશા ચિત્તે મિલન-શુભ તે સત્વર થશે;
સમર્પી આ સર્વે કવન લહરીઓ પ્રિય ત્હને,
જણાવું છું મ્હારૂં સરવ મનનું ઇપ્સિત ત્હને.

૫૪

કહું છું આ સર્વે પ્રિતમ તુજનો, વ્હાલિ ! તુજને,
સમક્ષે જાણીને, શ્રવણ તું કરે એ સમજીને;
સુખો દુઃખો સર્વે તવ પ્રિતિતણાં સ્નેહથિ વદુ,
વળી સર્વે હૈયાતખિ ભવિષ્ય ઇચ્છા જણવું છું.

૫૫

સદા ચિત્તે ત્હારૂં સ્મરણ કરિને રૂદન કરૂં,
ધરી અશ્રુપુષ્પો તવશિર પરે હે વરતનુ !
તહારો આભારી રૂદન કરિને નિશ્ચય થઉં,
સદાએ એવું હું મુજ હ્દય માંહે સમજુ છું.

૫૬

પુરાયેલા ભાવે, અદભૂત કિશોરી તુજતણી—
હું લાવું છું ચિત્તે, સતત દિન આંખે રડી રડી;
તથાપિ શાને આ દુખિત જનને નિર્દય બની,
રિબાવે છે હાવે, સ્મૃતિ થઇ હજુ એ તખિ નથી ??

૫૭

રહે છે આતૂર પ્રિતમ, તુંજનો સ્પર્શ કરવા,
ધસે છે જાણીને સમિપ તુજને એ પકડવા;
નિશામાંહે નિદ્રા નથિ નથિ ખરે ! પ્રેમિ જનને,
ભુલી ભ્રાન્તી સર્વે સતત મુખથિ કાંઇક લવે.

૫૮

સુગંધી દુર્ગંધી તખિ, નથિ નથી કાંઇ ગણના,
તહારા વિયોગે પ્રણયિ જનની એ થઇ દશા;
હવે જોતું એનો પ્રગટ થઇ ના હસ્ત ગૃહશી,
તદા તેતો નિશ્ચે ! દુખિ દુખિ થઇને રખડશી.

૫૯

કહું ત્હારાપ્રત્યે હ્દયગત આ સર્વે ઉભરા,
અધુરાને પૂરા હર ઘડિ સદા જે ઉઠી રહ્યા;
નથી શંકા કે તું હ્દય ભવને નિત્ય રમતી,
તદા શાને હાવે, દુઃખિત જનને દે દુઃખ અતી ?!

૬૦

હજારો ધિક્કારો હરઘડિ દઉં કાચિપ્રીતિને,
હવે શાન્તિ દે, દે, અતિશય થઇ છે હદ હવે;
થઇગૈછે ઝાઝી કરતું મમ ભાગ્યોદય હવે,
હવે નિશ્ચે ઝાઝી થઇ, સરવ દુઃખો શમવિદે.

૬૧

હું તો કંટાળ્યો છું ટળવળિ હવે તુજ અરથે,
કહે શાને ત્યારે, અતિશ ભ્રમણામાંહિ ભુલવે;
કદા થાશે પ્રીતી મુજસહ હવે, એજ કહી દે ?
કરૂણા લાવીને મુજ દુઃખિતની, સર્વ સુખ દે.

૬૨

હરે આશા શાને ? પ્રસન્ન થઇને શુભ ફલ દે,
નિરાશા દેવામાં ખલુ મહત પ્રાયશ્ચિત દિસે;
વિચારી લે ચિત્તે, નિજ વચનનો ભંગ કરવા—
વિશે દીસે નિશ્ચે અતિમહત પ્રાયશ્ચિત સદા.

૬૩

સુસ્નેહીનેચિત્તે કશું તવ અભાવે નવ રૂચે,
તહારા વીના આ સકળ જગ તો શૂન્યજ દિસે;
તહારે વીયોગે નથિ નથિ સ્પૃહા આ જગતણી,
તદા શાને રૂચે તુજવિણ રહેવું જગમહીં ?

૬૪

લગારે છે ચીંતા ઉરમહિં કશી તું વિણ નહીં,
તહારે વિયોગે નયનથિ નિહાળું કશું નહીં;
નથી મ્હારે ચીંતા તુજ વિણ કશી આ તનતણી,
ગણું ના લેખામાં તવ ભ્રિતિ થવે લાજ જગની.

૬૫

હું અગ્નિહોત્રા હું તવ વિરહથી એ સમજજે,
ખિલે અગ્ની નિશ્ચે, હૃદયરૂપ કુંડે દિન-નિશે;
દઉં આહૂતી હું ઉરમહિં કરિ સ્મર્ણ તુજનું,
વળી મુખે ત્હારો નિશ દિન મહામંત્ર જપું છું.

૬૬

વળી શોકેગ્રસ્ત હ્રદય મહિં વીચાર કરૂં છું,
તહારાવીના હું વિકળ થઈ નિત્યે ભટકું છું;
તહારા વીયોગે મમ હ્રદયમાં કલેશ અતિષે–
નિશાદીને થાયે; બળિ બળિ રહ્યો છું અવ ખરે.

૬૭

સદા પશ્ચાતાપ હ્રદયમહિં એકાન્ત કરૂં છું,
મ્હારા આત્માને અતિવ નિત ધીક્કાર દઉં છું;
કૃતધ્નીની સંગે વદ, મન પ્રિતી ત્હેં કયમ કરી?
તહારી પ્રીતીનું ફળ કશું વિચાર્યું કયમ નહીં?

૬૮

સદા જેનો ચિત્તે ચકિત થઇને અંચળ ગ્રહી,
હસંતો એકાન્તે દિન દિન વિલાસો અતિ કરી;
દબાવી જેને મ્હેં કર થકિ ગ્રહી વક્ષ સહતે,
પ્રિયા મ્હારી ત્યાગી ગઇજ મુજને રહેજ સહજે.

૬૯

હવે તો હું પ્રેમી રૂદન કરિને ક્લાન્તજ થયો,
હવ શું હું ત્હારો મિત્ર કવિ પ્રિયે! વિસ્મૃત થયો?
મ્હને ત્યાગીને તું ગઇજ પ્રિય કીયા સ્થળ વિષે,
પ્રિયા! મ્હારી સર્વે કવન લહરિયો ગ્રહિજ લે!

૭૦

સદાએ હું ત્હારૂં મુખ નિરખિ આનંદિત થતો,
ઝરંતૂ મૂખેથી તવ મિષ્ટ વચ તે નીશદિ પિતો;
અરે જેણે જામે મુજ—પતિત—ને ગ્લાનિ કરિયો,
અહો આંજે સર્વે રસિક જન તેણેજ ત્યજીયો.

૭૧

પ્રિતિની રીતી હું સહજ સમજી હર્ષિત થયો,
થઇને મસ્તાનો કુદિ કુદિ સદા હર્ષ ધરિયો;
પડી શીરે જ્યારે તવ દુખી થઇને ટળવળ્યો,
મળી ના વિશ્રાન્તી ટળવળિ વળી તેથિ રડિયો.

૭૨

પ્રિતીરૂપી ત્હારૂં પુનિત ગણિ હાલાહલ મહા,
સુધાપેઠે પીધું મદ થકિ છકીને સરવદા;
દિધું ત્હેં આ માટે વચન મુજને તેડિ સમિપે?
નહોતો આવ્યો હું તવ પ્રિતમ થાવાજ કદિયે.

૭૩

નહોતો દ્વારે હું વળિ કદિય બેઠો તુજ તણા,
નહોતો આવ્યો હું તવ સમિપ તે પ્રીતિ કરવા;
સહેજે આવ્યો હું તવ સમિપ ત્યારે સહજમાં,
દિધું શાને કાન્તા ! વચન પ્રિતિ ધારી હૃદયમાં ?

૭૪

ત્યજી ત્હારેમાટે, પ્રિતિ ધરિ હૃદે, લાજ જગની,
સગાં સંબંધીનાં વચન ગણકાર્યાં પણ નહીં;
મ્હને લેવા લુંટી અતિ પ્રિતિ પ્રદર્શીત કરિ ત્હેં—
દિનો થોડા સુખી, દુઃખિ બહુ કર્યો છેવટ સમે.

૭૫

મદીરાથી તીક્ષ્ણ તવ પ્રણયની કોટિ ગણી છે,
નહીં તે પીવાશે અંતર મનથી સ્હેજ સહજે;
ખરો સંસ્કારી તે તવ પ્રિતિ મહા માસન કરે,
થઇ ઘેલા નિશ્ચે દુઃખિ દુઃખિ જનો અન્ય રખડે,

૭૬

હવે ક્યારે ત્હારા હસિત મુખનું દર્શન થશે ?
કહે ક્યારે મ્હારો વિરહ—જ્વર સર્વે ટળિ જશે ?
હવે હું વિર્ણીનું વિરહ દુઃખ ક્યારે શમિ જશે ?
હવે ક્યારે ત્હારા બાળક મુજ સૂકું પડશે ? !

૭૭

કદા પાસે બેશી અમ્યાયુ સહુ વાર્તા તું ધરિશ ?
કદા હું પ્રેમીને સમિપ રહિ આશ્વાસ દઇશ ?
કદા ત્હારા મીઠા અધર મુજ મૂખે મુકિ અને,
સુધા તું પાઇશ પ્રિતિ ધરિ ? કહી દે પ્રિય સખે ?

૭૮

હવે ક્યારે દુઃખે દ્રવતું મુજ હૈયું હરખશે ?
હવે ક્યારે પ્રેમી રૂદન કરતો આ અટકશે ?
નથી અશ્રૂ અક્ષીમહિં પણ ખરે ખિન્ન જીવ છે,
ગતી નાદે હૈયું દુઃખિત અતિ તે અશ્રુ જળને.

૭૯

કદા કંઠે મ્હારા કુમળ તવ સૂહસ્ત પડશે ?
કદા ત્હારો કાન્તા ! શિતળ કરનો સ્પર્શ સુ થશે?
કદા દુઃખી પ્રેમી તવ તનશિળે બાથ ભિડિશ ?
કદા ત્હારે સંગે ભવ ઉદધિ હું પ્રેમિ તરિશ ?

૮૦

સદા આવીદ્વારે બુલબુલ મધુરૂં ગિત કહે,
પરંતૂ તે હાવે તવ વિરહ થાવે નવ ગમે;
કહાવું કો સંગે વિરહ તણું વૃત્તાન્ત સઘળું,—
—ત્હને કાન્તા ! ?—મારે શમવઅવ આવી દુખબધું.

૮૧

તહારા વિયોગે અતિ દુખિ થવું તે અકિ મ્હને,
ગમે મૃત્યૂ કાન્તા ! અતિશય થઇ છે હદ હવે;
ચહે મૃત્યુ સર્વે મહત જન તે કષ્ટ સહિને,
તદા શાને યાચું મરણનવ હું દુઃખિ અતિશે ? !

૮૨

ગયા રંગો સર્વે તુંજ સહપ્રિયે ! તે સમયના,
રહ્યા ચિત્તે હાવે ગત સમયના સર્વ ઉભરા,
અધૂરા કાન્તે ! સૌ મન અરથ મ્હારા રહિ ગયા,
તહારા વીયોગે સુખદ અતિ કો પૂર્ણન થયા.

૮૩

નિહાળીને ત્હારી સુરતિ મનમાં વિસ્મિત થયો,
તહારી છાયામાં અનુરત થઇને ગૃહી ગયો,
મહામોહે ત્હારા ચકિત થઇને ગ્રસ્ત હું થયો,
થઇને મસ્તાનો રસિલિ ! તુજનો આશક થયો.

૮૪

હજૂ એ તે લીલા સરવ મન મ્હારે રમિ રહી,
હજૂ એ છે ધૂતી તવ મન મહારે ઝળકતી;
પછીને હું ભૂલો તવજ ભ્રમણામાં ભ્રમિ રહ્યો,
રમી ત્હારે અંગે સતત તવ પાશે ગૃહિ ગયો,

૮૫

તહારી પ્રત્યે હું નિત્ય નિરખતો'તો પ્રથમ તો,
વળી એકી દૃષ્ટે નિરખિ સહુ શાન્તી વિસરતો;
હવે જે દીને ત્હેં મમ પ્રિતિ ત્યજી તે સમયથી,
મહારા વીતર્યો અધવચ રહ્યા સૂણ્ય રસિલિ !

૮૬

છુટા કેશે જ્યારે ગમત કરતી તું મુજસહે,
તદા હું મસ્તાની અધર રસ પીતો પ્રિતિસહે;
અરે ! ત્હેનો સ્વાદ પ્રિતમ મુખમાંહે રહિ ગયો,
પિવાને તે પાછો પ્રિતમ તુજનો આતુર રહ્યો.

૮૭

વળી ઝીણે કંઠે *મધુર મધુરૂં ગાયન કર્યું,
ખરે તે સૂણીને તુર્જ અહિંજ મ્હારૂં ચિત હર્યું;
અને ત્હેની ધૂની સરવ મુજ ચિત્તે રહી ગઇ,
તદાઃ વીયોગે લવ પણ પરિપૂર્ણ ન થઇ.

૮૮

કહે સાચું હાવે ફરિ મધુર ગીતો ગઇશ કે ?
કહે સાચું મ્હારે ચિત્ત ફરિથિ શાન્તી દઇસ કે?
સુધા કેરો પ્યાલો ફરિથિ તવ કાન્તે ! અરપજે,
નહિ તો આ પ્રેમી ઝુરિ ઝુરિ અને પ્રાણ ત્યજશે !

૮૯

પ્રિયાને વિયોગે કુમળ કરમાયું મન હવે,
રહ્યો લાગી દાવાનળ - વિરહરૂપી અતિશયે;
પ્રિયાને વીયોગે હૃદકમળ તે શુષ્કજ થયું,
પ્રિયાની ધૂતીની પરિમલ જવે તે જડ થયું.

૯૦

અહ્ પ્રેમી મ્હેં આં પુર પ્રણયને પોષિત કર્યો,
પછી તે પ્રેમીને અધપથ પ્રપંચી થઇ ત્યજ્યો;
બુરા પશ્ચાત્તાપે કુમળ મન તે ખિન્ન થયું છે,
સદા ઝૂરી મ્હારૂં તન વળિ અતી શુષ્ક થયું છે.

૯૧

મને મુંઝાયો છું અતિશય હવે હું જઉં ક્યહાં ?
હવે આયુર્દાના રહિત દિન ગાળું જઇ ક્યહાં ?
કહું કોને વાર્તા હૃદય ગત મ્હારી સહુ હવે ?
નહીં તે કહેવાયે અવર જનને ટેક ત્યજીને.

૯૨

હવે આવું ત્હારી સમિપ સુખ થાવા સ્થળકિયે ?
ક્યહાં આવી ત્હારાં અતિ મધુર સૂણું ગિત હવે ?
હવે કાનલા મ્હારી સમિપ સ્થિર થાઉં સ્થળ કિયે ?
વિચારો હૈયામાં સહુ ખુરત ના નિત્ય ખટકે.

૯૩

શું તું જાણે છે શી, તત સુખ દિઠે શાન્તિ હૃદયે—
થતી નિત્યે મ્હારે—અતુલ—અતિશે માનિનિ પ્રિયે !
તથાપી શાને તું હજુ સુધિ દમે દુઃખ દઇને,
નથી હાવી ત્હારે મુજસહ થઇ ખુશિ રમવે.

૯૪

અજાણ્યે કે જાણ્યે અતિ મલિન કે શુદ્ધ હૃદયે,
નથી કીધો ત્હારો સઘાત પણ મ્હેં દોષ કહિયે;
તદા શાને મ્હારો વિણ અરથ ત્હેં ત્યાગ કરિયો,
હવે આવી ભેટી સમિપ મુજની, હરત ગ્રહિ લ્યો ! !

૯૫

હવે કહે ક્યાં સુધી મમ—દુખિત—નું દૈવ ઉલટું—,
રહેશે, ને થાશે કઇ રિતિ થકી સર્વ સુલટું ?
હવે દેવું છે ક્યાં સુધિ દુઃખ મ્હને દીન જનને ?
રિબાવે છે શાને દિન દિન અતી દૂર રહિને ?

૯૬

સ્તવું છું હું ઝાઝી ત્યમ ત્યમ અતી રૂષ્ટ તું બને,
ગુમાની ! કહે શાને મગરૂબિ ધરે છે તવ મને?
ભલે થાતું કાન્તે ! તવ મનમહીં મત્ત અતિષે,
પરંતૂ મ્હારે તો સુખ દુઃખ મનેપ્સીત તુંજ છે.

૯૭

છું હું દુર્લભ * * * પ્રિતમ, તું મનેપ્સીત મણિ છું,
ધસ્યો ત્હારી ધારામહિં સરસ સૌન્દર્યતણિ હું;
પ્રિયે ! તું છું મ્હારી ઇહ જગવિષે પ્રેમળસખી,
મને લાગી મ્હારે રૂડિ તવ સમાધી હર ઘડી.

૯૮

સદા ત્હારા મૂખે શશિશારદનો પૂર્ણ કૅઝળ.ને
વળી મ્હારે ઉરે સરસ્વતિ સદાયે ઝળકિ રહે;
તહારે પાયે છે સુખ અતિવ લક્ષ્મીનું મુજને,
છું તું લક્ષ્મીવંતી વણિ વસુછુ હું ભારતિ સહે,

૯૯

તહારી ધારાનું મન મહિં અતિ મોહિત થઇ,
પિધું મ્હેં તો બિંદુ મધુર અતિષે એકજ ગ્રહી;
તહારે હું પ્રેમીતણિ અવર શી છે ગતિ કહે,
પિવા ત્હારી ધારા છું હું ફરિ અતી આતુર પ્રિયે !

૧૦૦

અરે ! શાને ત્હારૂં મુખ સરસ વસ્ત્રે છુપવિને,
ભમે બીજે સ્થાને સતત સુખ દે છું રસિકને;
તહારૂં જોવાને મુખ શશિસમુ આર્ત-દુઃખિયો,
રહ્યો છું હું અત્રે તલસિ તલસી ત્હેંનિ પ્રતિજ્ઞો !

૧૦૧

વિશાળ સ્કંધે તે અલક લટ છૂટી રસભિની,
પડી'તી હે કાન્તે ! મનહર સ્તનોથી પય પિતી;
તદા મૂખે-પદ્મે-ભ્રમર અતિ ભોગી રસ પિતો;
મહારો આત્મા તે કર ફરિથિ પાછો રસભિનો.

૧૦૨

ભુગ દૈવે કાન્તે ! તુંજ થકિ વિખૂટો કરિ દિધો,
પડી વીખુટો હું ભ્રમર અતિ ભોગી ભટકિયો;
અરે ત્હેને ત્હારી કુસુમયુત કાળી શિરલટે—
ફરી દે વીંટાવા મહર કરિને પ્રેમળ પ્રિયે !

૧૦૩

વિતર્કોથી ધારા તવ રૂપનિ મ્હારા હૃદયમાં—
પડી રૂહે છે તેથી ક્ષણુ ક્ષણુ ચહું દર્શન થવા;
પરંતુ હેતો જે રિત અનલ કુંડે ઘૃત પડે,
સદા તેવી રીતે અતિ તવ વિયોગે બળિ રહે.

૧૦૪

તમ્હારી પ્રીતીના રવિ શશિ રૂડા સાક્ષિદ્રય છે,
સમીપે ત્હેની મ્હેં તુજ સહ સદા ક્રીડ કરિ છે;
પુછી ત્હેને જો તું હ્રદય હર્તુ કેવું મુજ તણું,
નહોતું માનિની ! તવ સદ્દપ કાપટ્ય ભરિયું !

૧૦૫

ભલે કોઇ દીને પ્રભુરવિ ઉગે પશ્ચિમ દિશે,
ભલે કોઇ દીને ભુમિપર નહીં મેઘ વરસે;
ભલે જાગે ડૂબી પ્રથવી જળમાંહે પ્રલયમાં,
પરંતૂ પ્રેમી તે નવ કદિ ત્યજે ટેક મનના.

૧૦૬

મહારી વિશ્વાસી યદપિ નવ તું ઊર ધરિશ,
વળી મ્હારી સંગે પ્રસન્ન સુખથી તું ન રમિશ;
પરંતૂ જાણી લે, નથિ અવર પ્રેમી મુજ સમો,
સમીપે હું ત્હારી રહિ મળિશ પછી સ્વરગમાં.

૧૦૭

ફરો પીડાઇને જગત ભ્રમથી કલાન્ત હું થયો,
નહીં દીઠો ત્હારા વિણ જગ વિષે સ્વાદજ કશો;
સદાયે હાવે તો તવ મુખતણું દર્શન ચહું,
સદા ત્હારૂં મૂખે મિલન અરથે નામજ રહું.

૧૦૮

દમે યોગી મ્હોટા નિજ તનુ સદા મોક્ષ મળવા,
પરંતૂ તે જાણે નહિં નહીં તહારી કશિ મઝા;
તહારી પ્રીતીની મહત સુપ્રસાદી મળિ યદા,
તદા શાને લેવા અતિ દુઃખ ભર્યા માર્ગ અવળા ?!

૧૦૯

મહા મ્હોટી સિદ્ધિ સ્વરગ સુખથી જે અધિક છે,
મઝા જેના જેવી વળિ નહિં દિસે કો સ્થળવિષે;
ખરે ! ત્હેવી મ્હોટી સુખદ અતિ સિદ્ધિયુત મઝા,
રસીલી કાન્તા ! મ્હેં દિઠિ દિઠિ તહારા વદનમાં.

૧૧૦

ઘણીનારી બીજી મમ હૃદયની ચોરિ કરવા,
ઉરે રાખે આશા મન મહિં પ્રયત્નો કરિ મહા;
વળી ભૂલાવીને નિજ પ્રણયનો પાય મદિરા,
પરંતુ હું ત્હેની ઉર નવ લગારે કરૂં સ્પૃહા.

૧૧૧

વળી મ્હારૂં સર્વે ધન હરિ જવા લાલચ કરે,
કટાક્ષો મારીને સ્વવશ કરવા કામણ કરે;
પરંતુ પ્રેમી તે કદિ અવર જાળે નવ ફસે,
ફસાયો છે ત્હેમાં ઝુરિ ઝુરિ અને પ્રાણ તજશે.

૧૧૨

પ્રસારી ત્હેં ત્હારી પ્રણય રૂપ જાળી જગતમાં,
ફસાયો હું ત્હેમાં ભ્રમિત મનનો પામર મહા;
પછી પાળી પ્રેમે અધવચ તજ્યો દુઃખ ખમવા,
જપું સુખે તેથી અહર નિશ હું વિહ્નં મટવા.

૧૧૩

હવે ક્યારે આશા ફલિભુત બધી માહરિ થશે ?
કહે ક્યારે ત્હારા સુખદ મુખનાં દર્શન થશે ?
કિંવા ત્હારી સંગે કવ દુખિત હું દીન કરિશ ?
વિયોગી હું કામી કવ તું સહ કલ્લોલ કરિશ ?

૧૧૪

દિનો જોતાં જોતાં દિન પુરૂષના બ્હો વહિ ગયા,
મળી નીશા વીશે નયન મહિં નિદ્રા નવ જરા;
તથાપી ના ત્હારો હજીય મુજને સ્પર્શ મળિયો,
કહે શો મ્હેં ત્હારો અવિનય બર્યા દોષ કરિયો?

૧૧૫

નવાં કાવ્યો નિત્યે કરિ કરિ ત્હને અર્પણ કરૂં,
તું ત્હારા હોઠોથી અરપ મુજને ચુંબન રૂડું;
સુધા જેવો ત્હારો અધરરસ પા નીશદિ મ્હને,
મહારા મૂખેથી સતત તુજનાં કાવ્ય સુ બને.

૧૧૬

ધરી વીણા હસ્તે કુમળ અતિષે સૂરપુરિને,
મહારાં કાવ્યોને ખુશિ થઇ મઝા સાથ સુણિ લે;
મદીરા પી પાઇ ચરણ મહિ નૂપૂર ધરિને,
નવાં કાવ્યો મ્હારાં શ્રવણ કરિ લે નૃત્ય કરિને.

૧૧૭

મઝા આવે તેવે સ્થળ હશિ, ઉંચી ડોક કરિને,
વખાણી યા ખૂશી ચકિત થઇને તાળિ લઇને;
કહું કાવ્યો ત્યારે મૃદુ તનથકી તાન ચઢવા,
હલાવો સુગ્રીવા નિત્ય નિત્ય નવાં કાવ્ય બનવા.

૧૧૮

નથી જન્મેલો હું અવર જન કોને રિઝવવા,
તદા શાને ચિત્તે કરૂં અવર કોની કશિ સ્પૃહા?
નથી જન્મેલો હું અવર જનની સેવ કરવા,
તદા શાને ત્હેને રિઝવું કરિને કાવ્ય નવલાં?

૧૧૯

નથી લક્ષ્મી કાજે કવચિદ લગિરે ઢોંગ કરવો,
નથી મ્હારે કાંઇ યશ જગમહિં કોહિ રળવો;
તહારે કાજે હું જગનિ મહિં સ્વચ્છંદિ જનમ્યો,
પુરો ફંદી ત્હારો તવ પ્રિતિ પથે આવિ ચ્હડિયો.

૧૨૦

મ્હારી કામીની સરવ ઇશણા પૂર્ણ કરતી,
પ્રસારીને કીર્ણો અરક સમ મ્હારા ચિત્ત મહીં;
નિર્મતા તું મ્હારી સતત મમ પ્રાણેશ્વરી થઇ!
ત્યજી દેશો સ્હેજે રસિકિ તું જમે લાયક નહિં.

૧૨૧

વળી જેના ઝાઝા રસિક જનતે આશ્રિત થયા,
સદા જેની આશા પુરણુ કરવા હાજર રહ્યા;
મહા એવી પ્રેમી પ્રિય તણિ પ્રિતી હું કયમ નહીં,
કરૂં કેને ! પૂતી મહિં, ગૃહિ જઇ આશક બની?

૧૨૨

ભમ્યો ત્યારે કાંઇ અખિલ જગમાં હર્ષ ધરિને,
ભમ્યો ત્હારે દ્વારે ફરિ ફરિ ધરી પ્રીત ફરિને;
તહારી રૂડેરી ચરણુ રજનું મુંજ નયને,
શમાવા વીકારો સરવ કરવા અંજન પ્રિયે!

૧૨૩

અભીલાષા તોએ અહત મમને પૂર્ણ ન થઇ,
અભીલાષા મ્હારી સરવ મનમાંહે રહિ ગઇ;
જતાં માર્ગે જોવા ટમ ટમિ રહ્યો હું હર ઘડી,
પરંતુ હે પ્યારી! મધુરિ તવ મૂર્તી નવ મળી.

૧૨૪

હતો હું સ્વચ્છંદી પ્રથમ મન ગર્વિષ્ટ અતિશે,
હવે ત્યાગી દીધો ગરિબ થઇને ગર્વ સરવે;
પુરો કંટાળાનિ તવ અતિ રૂડા પ્રાંગણુ મહીં,
રમ્યો હું રંગીલી! તદપિ તું હજૂએ નવ મળી.

૧૨૫

રમ્યો ત્હારી અંગે પ્રિતિ કરિ અસીધારપર હું,
નિશાનીઓ સર્વે સુરત પનની ઊર ક્મર હું;
વળી વાટે ઘાટે જઇ જઇ ભમ્યો હું હર ઘડી,
પરંતૂ હે કાન્તે! મધુરિ તવ મૂર્તી નવ મળી!

૧૨૬

સદા પાતીતી તું તવ નયનથી રક્ત મદિરા,
હવે બાળી મ્હારૂં કુમળ ઉર દે દુઃખ નિત્ય હા!
બન્યો ક્લાન્તી પામ્યે મુજ તખ્ત ખુમારી થઈ ઘણી,
પરંતૂ હે કાન્તે! મધુરિ તવ મૂર્તિ નવ મળી!

૧૨૭

પ્રિયા મ્હારે આશા હતિ તુજ મહા દર્શન તણી,
પરંતૂ તે દૈવે હજુસુધી પરીપૂર્ણ ન કરી;
નિરાશા પામીને ધિરજ દિધિ ત્યાગી મન તણી,
પરંતૂ હે પ્યારી! મધુરિ તવ મૂર્તિ નવ મળી.

૧૨૮

હવે શાને આશા પરવશ પડી સાખું કરિયે?
હવે શું કહેવું ને અગર કરવું કર્યું કરિયે?
હવે તો પ્રેમીએ ધિગધિગ સદા ઉર બળવું,
હવે શાને માટે અમ લઈ કશું કાર્ય કરવું?!

૧૨૯

રહ્યો હું તો અંતે હર ઘડિ કરી શોકુખળ તો,
રહ્યો ત્હારે માટે સુખ મકિ હવે હું કકળતો;
હવે, શાને આશા તવ મિલનની હું કશિ ધરૂં?
અરે! જા જા અંતે રસિકજનથી આમ જ કર્યું!?!

૧૩૦

કરાવે કો હાવે તવ મિલન મ્હારી સહુ પ્રિયા!
હવે, કહે! કો પાયે તવ અધરના મીઠ ઘુંટડા!
મળ્યો ના કો એવો મુજ દુઃખિતની લે ખબર જે,
ઘણો ખોળ્યો એવો જન મિલનમાં જગ વિષે.

૧૩૧

"પ્રિયા! પ્રિયા!" કહેતાં અવર જન સૌ મોહિત થયા,
બન્યા તેઓ સર્વે સ્થળ સ્થળ ઘણી ખોળ કરતા;
પરંતૂ તેઓનો શ્રમ પણ ફળીભૂત ન થયો,
વળી પ્રેમી કેરા સરવ શ્રમ તે વ્યર્થ જ ગયો.

૧૩૨

પ્રિયા ! ત્હારી પ્રીતી નથિ નથિ રૂડી એ સહુ કહે,
પરંતૂ હું ત્હારૂં સ્મરણ કરૂં છું નિત્ય હૃદયે;
કહું હું તેઓને પ્રણય તવ ના વિસ્મૃત કરૂં,
પ્રસાદીનો ત્હારી અભિલષિત થૈ નિત્ય વિચરૂં !

૧૩૩

તહારી મૂર્તીનું સુદૃઢ મનમાં ધ્યાન ધરિને,
મનસ્વી વીણાથી મધુર મધુરૂં ગાન કર્યું મ્હેં;
તહારા મંદીરે ખુશિ ખુશિ થઇ નૃત્ય કરિયું,
ત્યજી લજ્જા સર્વે, મન થકિ ન તેતો કશું ફળ્યું.

૧૩૪

ઉગ્યાં મ્હારે માથે મહત તરૂઓ મ્હાન દુઃખનાં,
તથાપી ના દીઠાં હજુ સુધિય નીશાન સુખનાં;
બળ્યો અંગારે હું વિરહ અગનીના અત્ર સુધી,
પરંતૂ હે પ્યારી મધુરિ તવ મૂર્તી નવ મળી.

૧૩૫

કદાપી હું ભૂલ્યો તવ પ્રિતિનિ રીતી મદ ધરી,
ધરે તું શાને તે તવ હૃદયમાંહે પ્રણયિની !
ખમું ચીંતા તોપી વચન મમ સાચું કહિ નહીં,
સ્પૃહા મ્હારી ઊરે પ્રણયિની ! તું રાખે લવ નહીં.

૧૩૬

બળી ત્હારા વેહે જઉં શિતળ થાવા સ્થળ કિયે ?
નથી શાન્તીદા કો સ્થળ સહુ પ્રતીકૂળજ દિસે;
નકી તું માની લે તવ ચરણ મ્હોટું શરણ છે,
મહારે તો માટે પ્રસન થઇને દુઃખ હરિ લે.

૧૩૭

વિચારી વીચારી મન થકિ ઘણાં ચિત્ર ચિતર્યાં—
તહારાં મ્હેં કાન્તે ! પણ કદિ પરિપૂર્ણ ન થયાં;
ભરાયે અશ્રૂ એ નયન મહિં તેથી નવ સુઝે,
વળી આવ્યે મૂર્છા સરવ અધુરાં ચિત્ર રખડે.

૧૩૮

વસ્યો આવીને જ્યાં અચળ અતિશે પ્રેમ સ્થળ તે,
ઉરે રાખો શાને કપટિ થઇને ભેદ લગિરે;
નથી હૈયે મ્હારે તુજસહ પ્રિયે! રીસ કશિયે,
મુક્યું ત્હારે પાસે તજી સકળ સંસાર શિર મ્હેં.

૧૩૯

નહીં પુષ્પે દીઠી તવ તન તણી મ્હેં કુમળતા,
પત્રીમાં ના દીઠી તવ હૃદય કેરી કઠિનતા;
મ્હારો પુષ્પોના શિરિશસમ કૂણું હૃદય આ,
સહેતું ના કિંચિત્ પણ નવ ધરી ત્હેં દિલ દયા.

૧૪૦

તહારે હૈયે તું હસતું ત્યજી ને શોચ કર કે,
ત્યજ્યો શાને આવા વિણઅરથ પ્રેમી રસિકને;
ત્યજી દેઈ લજ્જા મદધરિ પુરો આશક બન્યો,—
તહારી સંગેને અતિશ છકિ દહે અર્પણ કર્યો.

૧૪૧

ગિરીમાં ગુહામાં વળિ કુસુમ કુંજે વન વિષે,
ભમ્યો ત્હારે કાજે પણ મળિ ન તું કો સ્થળવિષે;
સુશાલાને ખોળી પ્રણુયિ જનની મંડળિ મહીં,
વિયોગી એ ત્હારે કુતુહલ[illegible] તોપિ ન મળી.

૧૪૨

નવી તું છું નિત્યે દિન દિન બધું જીર્ણ બનતું,
તહારે મૂખે મ્હેં વળિ દિઠું હતું જગ્ત સઘળું;
હતી મ્હારી આંખે વશિ રહિ સદાએ પ્રથમ તું,
હવે વીસારીને હૃદય મુજનું દગ્ધ કરિયું.

૧૪૩

તહારાવીના તો જગમહિં દિઠું મ્હેં કશુ નહિં,
નથી થાતી શ્રદ્ધા અવરતણિ શીખામણ મહીં;
મને વીચારૂં છું મળવું તુજને આવિ જલદી,
કદી આશા મ્હારી ફળિભુત કશાયે થતિ નથી.

૧૪૪

હવે ત્હારા વીના અવર મુજને ના કશુ ગમે,
ચહું ઊરે રૂહેવા હર ઘડિ પ્રિયે ! ત્હારિ સમિપે;
સુધા પીવા ત્હારા મુખથિ ઝરતું વૃત્તિ અતિ છે,
અભીલાષા ત્હારૂં શુભ વદન જોવાનિ ઘણિ છે.

૧૪૫

રમું રંગીલી ! હું ફરિ ફરિ મહા આ કુદરતે,
પરંતુ તું વીના રમવું મુજને લેશ ન ગમે;
ભલે નીંદાખોરો હરઘડિ જુવે દોષ મુજના,
નહીં ચાલે મ્હારે ક્ષણુ પણ કદીએ તુંજ વિના.

૧૪૬

કવીતા હું રૂડી કરૂં તું પ્રિય દે ચુંબન મને,
મઝાવીના ત્હારી નવ કશુંય મ્હારે મન ગમે;
કવીતા મોંઘી છે મુજનિ તુજના ચુંબન થકી,
પરંતુ ના પ્રીછે રસભરિ તું વાણી રસિકની.

૧૪૭

દિઠી મ્હેં દોરંગી સંકળ દુનિયાં આ અનુભવે,
તદા શાને માટે કરૂં જગતનો મોહ લગિરે;
તહારા રંગોથી ચહું સરવદા રક્ત હું થવા,
નથી મ્હારે કોઇ મહત જનકેરી કશિ સ્પૃહા.

૧૪૮

શશી અંશૂ ધોળા શિતળ કરતા હસ્ત તુજના,
ચહું મ્હારે કંઠે સતત, ગમતા રંગ ન બિજા;
અવીચારી નીંદા સતત મુજ, મૂખેથી વદતા,
ગણું ના હું ત્હેને સહુ નિજ મુખે છો બબડતા.

૧૪૯

થયો પ્રેમી ત્હારો તવ હું શુદ્ધ વ્હેતા પ્રણયના,
ઝરામાં ન્હાયો છું તુજસહ સદા કાળ રમવા;
મહારા હૈયામાં સરપિણિ કશી રૂપવતિ તું;
નહીં ત્હેનું કોથિ ઉતરિ શકશે વીષ સઘળું.

૧૫૦

કરૂં ચીંતા શાને ? મુરખ નવ જાણે મન પિડા,
કહે દંભી, આવા વિરહિ જનને મૂરખ બધા;
અમે યોગી મ્હોટા પ્રણય–પથના પ્રેમ મઠમાં,
સહૂ મુકી શીરે વિનય ત્યજીને સર્વ ઉતર્યા.

૧૫૧

કહું ત્હેને મ્હારૂં હૃદય દુઃખ સૂણો ક્ષણ તમે,
પરંતૂ આ સર્વે હસિ હસિ અને મશ્કરિ ગણે;
પુરો સંસ્કારી તે પ્રિતિ રસ પિઆને સુખ ભર્યો,
અનીચારી લોકો હસિ હસિ ગૃહે પંથ અવળો.

૧૫૨

વિલોકું હું સર્વે સ્થળ મહિં ત્હને પ્રેમિ નયને,
ધસી આવું ત્યારે ખસિ જઇ પરંતૂ તું ન મળે;
તદા સર્વે મ્હારી હસિત વદને મશ્કરિ કરે,
કહું શું હું આવા અનઘડ અતી દૂષ્ટ જનને.

૧૫૩

હું નિંદાખોરોને કશિય ગણુનામાં નવ ગણું,
ન જાણે પોતાનું પણ પરનું નીંદે જન સહુ;
બિજાના દોષોને ફરિ ફરિ દઇ લક્ષ નિરખે,
પરંતૂ પોતાના અવગુણ નહીં કો પણ જુવે.

૧૫૪

સહૂ શાસ્ત્રોમાંહે શ્રવણ કરૂં ત્હારા કથનનું,
હું જાણું છું તે તો ફરિ ફરિજ તે કેમ નિરખું ? !
નથી પ્રેમી કેરા પથ મહિં નિતી લેશ દીઠી મ્હેં,
તદા હું પ્રેમીને અવર જન દે દોષ શિદને ? ! !

૧૫૫

પુરો સંસ્કારી તે ગમન તવ પંથે કરિ શકે,
અધૂરો હોયે તે અધવચ સહી દુઃખ રખડે;
નિહાળ્યો મ્હેં અંતે અનુભવ કરી પંથ અઘરો,
ચહું તોપી આવા અનુગ્રહિત પાછો હું તુજનો.

૧૫૬

ભમીને ભ્રાન્તીમાં તુજસહ અતી લુબ્ધ થઇને,
ગ્રહ્યો છે મ્હેં ત્હારો પથ દુઃખ ભર્યો વશ્ય થઇને;
ભલે આવે શીરે મહત દુઃખ તોયે નવ તજું,
થઇને ખંતીલો ફરિથિ તુજનો સ્વાદ હું લહું. ।

૧૫૭

સ્ત્રિયોના વીલાસી કથન સમજે નારિપ્રતિ આ,
કવીતાના પ્રેમી કવન ગ્રહિલે કાવ્યપ્રતિ આ;
પુરો ભકતીવાળો કવન સમજે ઇશ્વરપ્રતી,
ખરૂં તેમાં શું તે સમજુ છું હું મ્હારા મન મહીં.

૧૫૮

હશે જે વીલાસી કવિત મહિ મ્હારાસમ સદા,
સહ્યાં જેણે શીરે મુજ સમ અતીશે દુઃખ મહા;
હશે જે પ્રેમાંશી પ્રણયિનિ થકી વિસ્મૃત થયો,
પુરો વીલાસી તે અરથ સમજે સત્ય મહિંનો.

૧૫૯

પડયાં જ્યારે શીરે દુઃખ અમ મહીં નિષ્ફળ થવે,
રમિ જે રંગીલી મુજ હૃદય ક્ષેત્રે રતિ સહે;
વળી જેણે દેઇ ધિરજ સઘળાં દુઃખ શમવ્યાં,
ફળો ત્હેને મ્હારી હૃદયતણિ આશીષ સુખદા.

૧૬૦

મુંઝાયો હું જ્યારે અતિશય ઉરે દુઃખ સહિ ને,
વળી આવ્યો જ્યારે ઉછળી નવ વીચાર હૃદયે;
ત્હને સંબોધીને વચન સઘળાં મૂખથિ વદો–
ધરી ત્હેને ચિત્તે કર્ય કંઇક વીચાર મુજનો.

૧૬૧

નહીં તો હું દીલે દુઃખ સહિ સહી જીર્ણું થઇને,
ફરી અંતે પાછો મળિશ તુજને આવિ સમિપે;
નહીં તો × × × × × ×
ઉરે જાણી લે શું પછિથિ કરશો દુર્લભ દુઃખે.

હરિગિત.

પ્રેમે પિડાઇ, વિરહ વેઠી પ્રેમિનો પ્રીતી ધરી,
પ્રેમીજ માટે પ્રેમ ભરિ પ્રેમીજને કવિતા કરી;
રસગ્ન સુજનો સમજશે જે રસ ભર્યો એની મહીં,
પ્રીતી ધરીને વાંચજો પ્રેમીજનો ! એ વીનતી. ૧૬૨

વાત વિતેલી વર્ણવી, સાચું કર્યું વૃત્તાન્ત,
જાણનાર દુર્લભ દિસે, લહે અન્ય કલ્પાંત; ૧૬૩
પ્રેમ પિડાયો સમજશે, પ્રેમ પિડાનોસાર,
અન્તત અનઘડ સમજીને, લહે નહીં કંઇસાર. ૧૬૪

(સ પૂર્ણમ.)

આ પુસ્તક મળવાનું ઠેકાણું.

રા. રા. મોતીલાલ લલ્લુભાઈ નાનાભાઈ ભટ્ટ.

સાંકડીશેરી હજીરાની પોળ. ઘર નંબર ૫૩,

અમદાવાદ.